| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૧૩ | ૦૬ | ૨૦૨૩ |
| નિકાલ તારીખ : | ૦૧ | ૦૭ | ૨૦૨૬ |
| **સમય અવધિ :** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૩ | ૦૦ | ૧૭ |

## ક્રિમીનલ મેન્યુઅલના નિયમ રૂલ-૧૭૯(એ) અન્વયે જજમેન્ટ

**FORM - A**

**મે. અંકલેશ્વરનાં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી વી. આર. સોલંકી )**
**સાહેબની કોર્ટમાં , અંકલેશ્વર , જી.ભરૂચ.**

**આંક:-**

**(જજમેન્ટ તારીખ- ૦૧/૦૭/ ૨૦૨૬)**
**ક્રિમીનલ કેસ નં- ૨૫૯૪/૨૦૨૩**
**(અંકલેશ્વર બી ડીવીઝન પોલીસ સ્ટેશન, ગુ.ર.નં- ૧૧૧૯૯૦૬૧૨૩૦૩૩૨/૨૦૨૩)**
ઈ.પી.કો. કલમ-૩૮૦ તથા આઈ.ટી.એક્ટ કલમ-૬૬(સી),૬૬(ડી) મુજબ.

| | |
|---|---|
| **ફરીયાદી:-** | **શ્રી સરકાર.**<br>**(મૂળ ફરીયાદી- મોહમદ ઈર્શાદ નુરા મોહમંદ શેખ)** |
| ફરીયાદપક્ષ તરફે :- | વિ. આસીસ્ટન્ટ પબ્લીક પ્રોશીક્યુટર<br>શ્રી એસ.વી. પટેલ |
| **આરોપી:-** | **ઝકરીયા S/O ફારૂકભાઈ સમદ પટેલ (મુસ્લીમ)**<br>રહે. પાદર ફળીયું, તળાવ પાસે મહુવેજ,<br>તા. માંગરોળ, જી.સુરત |
| આરોપી તરફે :- | વિ.વ.શ્રી વાય.એ. લુણાત |

**FORM - B**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ- | ૨૨/૦૩/૨૦૨૩ |
| એફ.આઈ.આર.તારીખ- | ૦૫/૦૪/૨૦૨૩ |
| ચાર્જશીટ કર્યા તારીખ- | ૧૨/૦૬/૨૦૨૩ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ- | ૦૪/૦૮/૨૦૨૩ |
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ- | ૨૨/૧૧/૨૦૨૪ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ- | **૦૧/૦૭/ ૨૦૨૬** |

| | |
|---|---|
| ચુકાદા તારીખ– | **૦૧/૦૭/ ૨૦૨૬** |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | ---------- |

**–::આરોપીની વિગત::–**

| આરોપીનો રેન્ક | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | આરોપી ઓ સામેના ગુનાનુ તહોમત | નિર્દોષ કે દોષિત. | ફરમાવેલ સજા. | ક્રિ.પ્રો. કો. કલમ– ૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અટકાયત મા પસાર કરેલ સમય. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ઝકરીયા S/O ફારૂકભાઈ સમદ પટેલ (મુસ્લીમ)** | ૦૬/૦૪/૨૩ | ૧૧/૦૪/૨૩ | ઈ.પી.કો. કલમ–૩૮૦ તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબ. | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |

## FORM - C

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટના સાહેદોનું લીસ્ટ:–**

**એ – ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ:–**

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | મોહંમદ ઈર્શાદ નુર મોહંમદ શેખ | ૧૧ | ફરીયાદી |

**બી – બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ:–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | ---- | --- |

**સી – કોર્ટ સાહેદોનું લીસ્ટ:-**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | ---- | --- |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:-**

**એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:-**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરીયાદ |
| ૨ | ૧૩ | સ્ટેટમેન્ટ |
| ૩ | ૧૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૪ | ૧૭ | અટક પંચનામું |
| ૫ | ૧૮ | રીકવરી પંચનામું |

**બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:-**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| -- | --- | --- |

**સી – કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:-**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| -- | --- | --- |

***-::ચુ કા દો ::-***

**કેસની ટુંકી વિગત:-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૨૨/૦૩/ ૨૦૨૩ ના કલાક ૧૫:૦૦ વાગ્યા પછી કોઈપણ સમયે ફરીયાદીના મોબાઈલ સેમસંગ A-8+ જેનો સીમ નં.8141054255 જેનો IMEI નં. 35979509055

7002 તથા બીજો IMEI નં. 359795090557000 ની ચોરી કરી તેમાથી તા.૨૭/ ૦૩ / ૨૦૨૩ ના કલાક ૧૨:૩૬ વાગ્યા દરમ્યાન ફરીયાદીના IDFC બેંક અંકલેશ્વરના એકાઉન્ટ નં.10095565375 કમલ ટ્રેડર્સના કરન્ટ એકાઉન્ટ ખાતામાથી ઓનલાઈનથી ટુકડે–ટુકડે રૂા.૪,૩૩,૮૭૦/– નુ ફ્રોડ કરી ફરીયાદીની પોતાની ઓળખથી ચોરીથી યેનકેન પ્રકારે ઓનલાઈન ટ્રાંજેકશન કરી,ઈ.પી.કો. કલમ– ૩૮૦ તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(સી),૬૬(ડી) મુજબ ગુનો કરેલ હોય તે અંગેની ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા અને આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપી વિરૂધ્ધ આંક–૩ થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક–૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા અને તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ પક્ષકારોએ આંક–૧૫ થી સમાધાન પુરસીસ રજુ કરતા સદર સમાધાન રેકોર્ડ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**મૌખીક તથા દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મોહંમદ ઈર્શાદ નુર મોહંમદ શેખની જુબાની | ૧૧ |
| ૨ | ફરીયાદ | ૧૨ |

| | | |
|---|---|---|
| ૩ | સ્ટેટમેન્ટ | ૧૩ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૬ |
| ૫ | અટક પંચનામું | ૧૭ |
| ૬ | રીકવરી પંચનામું | ૧૮ |

(૪) ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૯ થી પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ, જેથી આ કામે ઉપરોકત દર્શાવેલ છે તે સિવાય વધારાનો કોઈ પુરાવો રજુ થઈ શકેલ નથી. આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે હાજર આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે નોંધવુ જરૂરી જણાતુ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ. એ .પી .પી. શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૫) સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:–

**–:: મુ દા ઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૨૨/૦૩/ ૨૦૨૩ ના કલાક ૧૫:૦૦ વાગ્યા પછી કોઈપણ સમયે ફરીયાદીના મોબાઈલ સેમસંગ A-8+ જેનો સીમ નં.8141054255 જેનો IMEI નં. 35979509055 7002 તથા બીજો IMEI નં. 359795090557000 ની ચોરી કરી તેમાથી તા.૨૭/ ૦૩ / ૨૦૨૩ ના કલાક ૧૨:૩૬ વાગ્યા દરમ્યાન ફરીયાદીના IDFC બેંક અંકલેશ્વરના એકાઉન્ટ નં.10095565375 કમલ ટ્રેડર્સના કરન્ટ એકાઉન્ટ ખાતામાથી ઓનલાઈનથી ટુકડે– ટુકડે રૂા. ૪,૩૩, ૮૭૦/– નુ ફ્રોડ કરી ફરીયાદીની પોતાની ઓળખથી ચોરીથી ચેનકેન

પ્રકારે ઓનલાઈન ટ્રાંજેકશન કરી,ઈ.પી.કો. કલમ– ૩૮૦ તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(સી),૬૬(ડી) મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

**(૬)** ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>મુદા નં. ૧:–</u>**

**(૭)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.

(૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૧૧ થી ફરીયાદી મોહંમદ ઈર્શાદ નુર મોહંમદ શેખ નાઓને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, '' હું છેલ્લા ૧૩ વર્ષથી અંકલેશ્વર જીઆઈડીસી ડેપોની સામે આવેલ અનમોલ પ્લાઝા કોમ્પ્લેક્ષમા ડીસન્ટ હોટલની બાજુમા દુકાન નં.૧૫, ૧૬ મા કમલ ટ્રેડર્સ નામની અનાજ કરીયાણાની દુકાન ચલાવી વેપાર કરુ છું અને અમારી આ દુકાન ઉપર મારી પત્ની, મારા માતા પિતા અવાર નવાર બેસીયે છીએ અને અમારી દુકામા ત્રણ નોકરો પણ કામ

કરે છે જેમા એક પંકજભાઈ, મહેશભાઈ અને બાબરભાઈ નાઓ છે, અમારી દુકાન સવારના ૧ ૦:૦૦ થી રાત્રીના નવ વાગ્યા સુધી ચાલુ રહે છે. તા.૨૩–૩–૨૩ ના રોજ હું તથા મારા મમ્મી સવારના ૧૦:૦૦ વાગે દસ્તાવેજના કામ માટે પ્રાઈવેટ ગાડી લઈ અંકલેશ્વર થી નીકળી નવસારી ગયેલા અને દુકાન ઉપર મારા પત્ની અને પિતાજીને બેસવાનું જણાવેલું, અને આ દસ્તાવેજનું કામ પતાવી સાંજના આશરે છ સાડા છ વાગ્યાની આશપાસ અમો પરત અમારી દુકાન ઉપર આવેલા તે વખતે મારી દુકાન ઉપર મારા પત્ની પિતાજી અને નોકરો હાજર હતા અને ત્યાર બાદ રાત્રીના આશરે નવ વાગે મારા દુકાનના વકરાની થેલી લઈ અને ચાવી થી દુકાનું શટર બંધ કરેલ અને મારી પાસે બે મોબાઈલ હતા જેમાથી એક મોબઈલ સેસંગ કંપનીનો મારા ખીસ્સા જણાયેલ નહીં, જેથી મે મારા બીજા મોબાઈલ દ્વારા ખોવાયેલ મોબાઈલ ઉપર ફોન કરેલો જે મોબઈલ ખોવાયેલ હતો તેનો નં.૮૧૪૧૦૫૪૨૫૫ નો હતો જેના ઉપર રીંગ જતી હતી પરંતુ તે કોઈ રીસીવ કરતું ન હતું જેથી મને લાગેલ કે, મારો મોબાઈલ દુકાનમાજ રહી ગયેલ હશે જે હું સવારે લઈ લઈશ તેમ માની હું દુકાન બંધ કરી ઘરે જતો રહેલો. મારો જે મોબાઈલ ચોરી થયેલ હતો તે મોબાઈથી મારા નોકર પંકજભાઈએ બપોરના ત્રણ વાગે ગોયાબજારના તેલના વેપારી સાથે વાત કરેલ હતી, ત્યાર બાદ બીજા દિવસે એટલેકે તા.૨૪–૩–૨૪ ના રોજ સવારના સાડા દશ વાગે હું મારી દુકાન ઉપર આવેલો અને દુકાન ખોલી મે મારા મોબાઈલ ઉપર રીંગ મારેલી પરંતુ મારા મોબાઈલ મળી આવેલ નહીં જેથી હું આખો દિવસ બેસી ધંધો કરેલો અને મોબાઈલ પણ સોધતો હતો પરંતુ મોબાઈલ મળી આવેલ નહીં. ત્યાર બાદ મે મારા કુટુંબી ભાઈ જુનેદભાઈના ઘરે રૂબરૂ તેની પાસે જઈ મારો મોબાઈલ મળતો ન હતો તે બાબતે વાત કરેલી અને આ મારો મોબાઈલ અમારા મોબાઈલ રજી. મોબાઈલ નંબર હોય જેનો દુર ઉપયોગ થાય તેવી શકયતા હોય જેથી મારો આઈડીએફસી બેંકનો એકાઉન્ટ નં.૧૦૦૯૫૫૬૫૩૭૫ નો કમલ ટ્રેડર્સના નામથી કરંટ એકાઉન્ટ હોય જે એકાઉન્ટ બંધ કરવા આ જુનેદભાઈએ આઈડીએફસી બેંકા કસ્ટમર કેરમા ફોન કરી એકાઉન્ટ બંધ કરવાની જાણ કરતા તેઓ જણાવેલ કે, તમારા આઈ ડીએફસી બેંક ખાતામાથી અલગ અલગ રીતે ટુકડે ટુકડે રૂા.૪,૩૩,૮૭૦/–નું ફ્રોડ ટ્રાન્જેકશન થયેલ

છે જેથી તમે ૧૯૩૦ ઉપર ફોન કરી બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવવું પડશે તેમ જણાવેલ ત્યારે મને જાણ થયેલ કે, મારો મોબાઈલ ખોવાયેલ નથી પરંતુ કોઈએ ચોરી કરી તેમાથી પૈસા ઉપાડી લીધેલ છે. જેથી બીજા દિવસે એટલેકે તા.૨૫–૩–૨૩ ના રોજ ૧૧:૦૦ વાગે એનસીઆરટી પોર્ટલ ઉપર ૧૯૩૦ નંબર પર સંપર્ક થતા તેઓને બનાવ બાબતે જાણ કરેલી ત્યારે તેઓએ મારી પાસે ડીટેલ માંગેલી અને તપાસ કરીશું તેવુ જણાવેલું. અને ત્યાર બાદ તા.૨૭–૩–૨૩ ના રોજ બપોરના ૧૨:૦૦ વાગ્યાની આસપાસ મારી ઉપર ફોન આવેલો અને મારુ એકાઉન્ટ ફ્રીઝ કરેલ છે અને તેનો કંપલેન નંબર પણ મારી ઉપર મેસેજથી આવેલ હતો જેનો કંપલેન નંબર મને હાલ યાદ નથી. ત્યાર બાદ મને મારા આઈડીએફસી બેંક, અંકલેશ્વરનું એકાઉન્ટનું સ્ટેટમેન્ટ કઢાવેલું જે તા.૨૦–૩–૨૩ થી ૬–૪–૨૩ સુધીનું સ ટેટમેન્ટ કઢાવેલું જે અમારા કમલ ટ્રેડર્સના નામના કરંટ એકાઉન્ટ નં.૧૦૦૯૫૫૬૫૩૭૫ માથી તા.૨૪–૩–૨૩ ના રોજ થી ૨૫–૩–૨૩ સુધીમા કુલ્લે ૧૨ ટ્રાન્જેકશન મળી કુલ રૂા.૪,૩૩,૮૭૦/– ઓન લાઈનેથી ટ્રાન્જેકશન થયેલાની હકીકત જાણેલી જે અંગે અમોએ અમારો જે મોબાઈલ ચોરી થયેલ હતો તેના ધ્વારા સદર કહેવાતા ટ્રાન્જેકશનો થયેલ હોય જે અમારી જાણ બહાર થયેલ હોય જે અંગે અમોએ અંકલેશ્વર બી ડી. પો.સ્ટે. ફરીયાદ આપેલી જે અશલ ફરીયાદ મને બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુંછું જેને રજુ દાખલ આંક–૧૨ આપવામા આવે છે. સદર ગુનાના કામે બનાવ વાળી જગ્યા પોલીસને અમોએ બતાવેલ હતી. અમારાઆઈડીએફસી બેંક, અંકલેશ્વરનું એકાઉન્ટનું સ્ટેટમેન્ટ કઢાવેલું જે તા.૨૦–૩–૨૩ થી ૬–૪–૨૩ સુધીનું સ્ટેટમેન્ટ કઢાવેલું જે અમારા કમલ ટ્રેડર્સના નામના કરંટ એકાઉન્ટ નં.૧૦૦૯૫૫૬૫૩૭૫ માથી જે ટ્રાન્જેકશન કરેલ હતા જે સ્ટેટમેન્ટ અમોએ પો.સ્ટે. ખાતે આપેલ હતું જે મને બતાવવામા આવ છે જેમા તા.૨૪–૩–૨૩ તથા ૨૫–૩–૨૩ ના રોજ અલગ અલગ સમયે રૂા.૪,૩૩,૮૭૦/– ડેબીટ થયેલ છે. જે સ્ટેટમેન્ટ મને બતાવવામા આવે છે જે મારા એકાઉન્ટનું સ્ટેટમેન્ટ છે જેને રજુ દાખલ આંક–૧૩ આપવામા આવે છે. મારા એકાઉન્ટ માથી ઓન લાઈન ટુકડે ટુકડે કુલ રૂા.૪,૩૩,૮૭૦/– ચોરી થયેલ છે. જેમાથી અમુક રકમ અમોને મુદ્દામાલ તરીકે પરત મળી

ગયેલ છે. અને બાકીની રકમ પણ સદર ગુનાના કામે આજ રોજ અમોને મળી ગયેલ છે જેથી હલની કેસ અમો આગળ ચાલવવા માંગતા નથી કે અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા માંગતા નથી. જે અંગે અલગથી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. સદર ચોરી કોણે કરેલી તે બાબતે પોલીસે અમોને આરોપીને પકડયા બાદ અમારી કોઈ આરોપીની ઓળખ કરાવેલ નથી. જેથી આ ચોરી કોણે કરેલી તે હું કહી શકું નહીં કે આરોપીને પણ હું ઓળખતો નથી. ''

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવતા સદર ફરીયાદી ઉલટ તપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે, મારે આ કામના આરોપી સાથે સમાધાન થયેલ છે અને મારા મોબાઈલ થકી ઓનલાઈન જે રકમ ટુકડે ટુકડે ચોરી થયેલ હતી તે તમામ રકમ અમોને મળી ગયેલ છે જેથી હાલનો કેસ અમો આગળ ચલાવવા માંગતા નથી. એ વાત ખરી છે કે, મારે હાલની ફરીયાદ આગળ ચાલવવી નથી કે વધુ કોઈ સાક્ષી પુરાવા તપાસવા નથી તે અંગે અલગથી કલોઝીંગ પુરશીશ આપેલ છે.

**<u>પુરાવાનું પૃથ્થકરણ :–</u>**

(૯) આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે આંક–૧૧ થી ફરીયાદીને તપાસેલ છે તેઓએ તેમની ફરીયાદ હકીકત અનુરુપ પુરાવો આપેલ છે પરંતુ તેઓ એવુ પણ જણાવે છે કે, તેઓના એકાઉન્ટ માથી ઓન લાઈન ટુકડે ટુકડે કુલ રૂા.૪,૩૩,૮૭૦/– ચોરી થયેલ છે. જેમાથી તેઓને રકમ મુદ્દામાલ તરીકે પરત મળી ગયેલ છે. અને બાકીની રકમ પણ સદર ગુનાના કામે તેઓને મળી ગયેલ છે જેથી હોલનો કેસ તેઓ આગળ ચાલવવા માંગતા નથી કે અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા માંગતા નથી જે અંગે અલગથી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. સદર ચોરી કોણે કરેલી તે બાબતે પોલીસે તેઓને આરોપીને પકડયા બાદ તેઓને કોઈ આરોપીની

ઓળખ કરાવેલ નથી. જેથી આ ચોરી કોણે કરેલી તે તેઓ કહી શકે નહી કે આરોપીને તેઓ ઓળખતા નથી. તેમજ સદર ફરીયાદી એવુ સ્વિકારે છે કે તેઓને આ કામના આરોપી સાથે સમાધાન થયેલ છે અને તેઓના મોબાઈલ થકી ઓનલાઈન જે રકમ ટુકડે ટુકડે ચોરી થયેલ હતી તે તમામ રકમ તેઓને મળી ગયેલ છે જેથી હાલનો કેસ અમો આગળ ચલાવવા માંગતા નથી. તેઓને હાલની ફરીયાદ આગળ ચાલવવી નથી કે વધુ કોઈ સાક્ષી પુરાવા તપાસવા નથી તે અંગે અલગથી કલોઝીંગ પુરશીશ આપેલ છે. આ સિવાય ફરીયાદ પક્ષે બીજા કોઈ સાહેદોને તપાસેલા નથી અને આંક–૧૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. આમ,સદર ફરીયાદીનો ચોરીમા ગયેલ મોબાઈલ કોણે લીધેલ તે તેમજ તેઓના મોબાઈલ થકી તેમના બેંક એકાઉન્ટમાં કોણે ટ્રાંઝેકશન કરેલા તે અંગેની કોઈ જ હકીકત ફરીયાદીના પુરાવાથી સ્પષ્ટ થયેલ નથી. સદર સાહેદના પુરાવાને અન્ય ત્રાહિત સાહેદ કે નજરે જોનાર સાહેદના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થવુ જોઈએ જે આ કામે પ્રાપ્ત થતું નથી. આમ, સદર ચોરી આ કામના આરોપીએ જ કરેલ છે તેવો નિ:શંક પુરાવો પ્રસ્તુત કામે જણાઈ આવતો નથી. હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવુ ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદપક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેમ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે, જેથી ઉપર મુજબ મુદ્દા નં.૧ નો નિર્ણય ઉપર મુજબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી **ઝકરીયા S/O ફારૂકભાઈ સમદ પટેલ (મુસ્લીમ)** નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ –૩૮૦ તથા

આઈ.ટી. એકટની કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ રોકડ રકમ અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે. તેમજ મુદામાલ મોબાઈલ અંગે અગાઉ જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ ગણવો અન્યથા મુદામાલ મોબાઈલની માલીકીની ખરાઈ કરી તેના માલીકને પરત સોપવો અન્યથા મુદામાલ મોબાઈલનો અપીલ સમય વિત્યેથી નિયમોનુસાર નિકાલ કરવો.

આ હુકમ આજરોજ તારીખ – ૦૧ લી , માહે – જુલાઈ , સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૭/૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

**(વિજયકુમાર આર. સોલંકી)**
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ ,
અંકલેશ્વર , જીલ્લો–ભરૂચ.
**કોડ નં.જી.જે.૦૧૧૬૫**